

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*વર્ષોના વિજયની ઊજવણીઓ ઉજવાય છે,*
*મળી જાણે આજે જ સિદ્ધિ, નાટક ભજવાય છે,*
*લજવાય છે પ્રજા, કપાયાં'તાં માથાં, યાદ કરીને -*
*નિર્દોષ પ્રજાથી શહીદીથી સીમા સચવાય છે!!*

### હાઈકુ

*ચડે ન છતાં*
*વાગે સૂર તાલમાં*
*'કોડિયો' ચણો*
*(લપોડ શંખ)*

*ભીંજવે સૌને -*
*અધજલ ગગરી*
*છલકે ખૂબ!*

### ચિંતન

*ઉપલમ્ભાત્મસમાચારાદસ્તિવસ્તુત્વવાદિનામ્ ।*
*જાતિસ્તુ દેશિતા બુદ્ધૈરજાતેસ્રસતાં સદા ॥*

ઉપરોક્ત શ્લોક કેન ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

પદાર્થોની ઉપલબ્ધિ ને લીધે અને વર્ણાશ્રમાદિ આચારને કારણે, પદાર્થની સત્તા સ્વીકાર કરનારાઓ અને અજાતિથી ભય પામનારાઓ માટે વિદ્વાનોએ હંમેશા જાતિનો ઉપદેશ આપ્યો છે. જે લોકો પોતાની અપરિપક્વ બુદ્ધિને કારણે સૃષ્ટિના દશ્યમાન પદાર્થોના અસ્તિત્વને સાચું માને છે, તેમણે માટે ઉત્પત્તિનો ઉપદેસ આપવામાં આવ્યો છે. જે લોકો આ વ્યાવહારિક જગતને જ સાચું માને છે, તેવા દૃઢ-આગ્રહી, શ્રદ્ધાળુ અને મંદ વિવેકબુદ્ધિ ધરાવતા લોકોને એકદમ બ્રહ્માત્મ ઐક્યનો બોધ આપવામાં આવે, તો તે નિર્થક છે, માટે તેમને ઉત્પત્તિ, વર્ણાશ્રમ - ધર્મો, ઉપાસના, ભક્તિ ઈત્યાદિ અંગે ઉપદેશ આપીને અજાતિ અને આત્મૈક્ય - પ્રાપ્તિ ભણી દોરી જવા ઈષ્ટ છે.

### સુવિચાર

- કમિયાં ઢૂંઢોગે તો મિલ હી જાયેગી, રબ કે બન્દે હૈ, રબ તો નહીં - **ઓશો**
- પુસ્તકની જેમ વ્યક્તિને પણ વાંચતા શીખો, કેમ કે પુસ્તક જ્ઞાન આપે છે અને વ્યક્તિ અનુભવ - **જીવન પાથેય**
- જીવનની સુગંધ એની પાસે જ છે જેને ખીળવવાની અને ખરવાની ક્ષણો વચ્ચે મહેંકવાનો ખ્યાલ છે - **જનકલ્યાણ**
- દુ:ખમાં હિંમત તો એ રાખી શકે, જે સુખમાં, સાવધાન હોય, છકી ન ગયો હોય ? - **એસ. ભટ્ટાચાર્ય**
- મોટાની મોટાઈ અજબ હોય છે, આ મોટાઈ, મહાનતા-ઉદારતા ગંભીરતા - કરુણાભાવથી આવતી હોય છે - **હરિભાઉ**
- કાચા કાન, શંકાશીલ નજર અને ઢીલું મન માણસને ગમે તેવા ઉપભોગો વચ્ચે પણ નજરનો અનુભવ કરાવે છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : ઘરના બનાવેલા તાજા માણસમાં હળદર મેળવી બાળકને લંગોટની જગ્યાએ લગાડવાથી લાલ ચામડી અને ડાઘામાં તરત ફેર પડે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગામમાં સતત આઠ દિવસ સુધી બુદ્ધની સભાનું આયોજન હતું. પહેલા દિવસે સભાના સમયે ચોગાનમાં દોઢસો-બસો લોકો ભેગા થયા. બુદ્ધને સૂઝ્યું એવું કે સભાના સમયે તેઓ આવી થોડો સમય ધ્યાન ધર્યું અને એક પણ શબ્દ બોલ્યા વિના ત્યાંથી જતા રહ્યા. ઘણા ગ્રામજનોએ સમય બગડ્યાની ફરિયાદ કરી. બીજે દિવસે ફક્ત સો લોકો જ ભેગા થયા. ફરીથી સભાના સમયે બુદ્ધ આવ્યા. થોડો સમય ધ્યાનપૂર્વક અને એક પણ શબ્દ બોલ્યા વિના જતા રહ્યા. આવું બુદ્ધે સતત ચાર દિવસ સુધી કર્યું. ગામના લોકોએ બુદ્ધને આમંત્રણ આપ્યાનો પસ્તાવો થતો હતો. પાંચમા દિવસે ચોગાનમાં ફક્ત ચૌદ ગ્રામજનો તેમને માટે રાહ જોતા બેઠા હતા. પરંતુ પાંચમાં દિવસે બુદ્ધે ભાષણ કર્યું. પેલા ચૌદ ગ્રામજનો સત્સંગના લાભથી ખૂભ પ્રભાવિત થયાં. એમણે બુદ્ધને કહ્યું, 'અમે હવે આપના શિષ્યો છીએ. અને આપના દર્શાવેલા માર્ગે ચાલવા તૈયાર છીએ.' એક ગ્રામજને પૂછ્યું, 'આપે ચાર દિવસ ભાષણ કેમ ન કર્યું?' બુદ્ધે કહ્યું, 'મારે ભીડની જરૂર નથી. કામ કરનારા લોકોની જરૂર છે, જેમની પાસે ધૈર્ય હોય એ જ પ્રેમ પણ કરી શકે અને શાંતિની ઉપાસના કરી શકે. ભીડ કયારેય ન તો શાંતિને પોષી શકે કે ન તો પ્રેમનું જતન કરી શકે.' સાર એ છે કે ધીરજ ન હોય તો મન પણ વિચલિત હોય, અને એ વિચલિતતા જ પછી આંતરિક અને બાહ્ય ભાંગભોડનું કારણ બને.

# સંસદ તો ચાલવી જ જોઈએ...

**તંત્રીસ્થાનેથી...**

સંસદને ઉમાશંકર જોશીએ 'ભારત ચૉરો' કહી બિરદાવેલી. અગાઉ ગામલોકો એમના પ્રશ્નો ઉકેલવા ગામના ચૉરે ભેગા થતા અને વાદ વિવાદને અંતે ગમે તેવી વિકટ સમસ્યા હોય પણ આખરે એનો સમાધાનકારી ઉકેલ મળતો. વિવિધ જ્ઞાતિસમાજોમાં પંચની પ્રથા હતી જે હવે કાયદાનું શાસન આવતાં નાબૂદ થવાની અણી પર છે. 'પંચ તે પરમેશ્વર' કહેવત અમથી નથી પડી. પંચ જે ન્યાય કરે તે બેઉ પક્ષોને માન્ય રહેતો. એ ન્યાય કયારેક કડક સજા સ્વરુપે થતો. આજે પણ હરિયાણા જેવાં રાજયોમાં ખાપ-પંચાયતોનું વર્ચસ્વ અકબંધ છે. દેવીપૂજક સમાજ, વિવિધ દલિત અને આદિજાતિ સમાજો અને રબારી જેવી જ્ઞાતિઓમાં પંચનો મહિમા આજપર્યંત જોવા મળે છે. હો-હા થાય, બોલાચાલી, ગાળાગાળી અને આક્ષેપ - પ્રતિ આક્ષેપ થાય પણ આખરે સમાજના વડેરાઓ જે ન્યાય તોળે તે માન્ય રાખવો પડે. આ આપણી દેશી સંસદ અને ન્યાયપાલિકાના સમન્વય જેવી પેઢીઓથી ચાલી આવતી વ્યવસ્થા બંધારણ અને અદાલતો તથા પશ્ચિમના અનુકરણ રુપે અસ્તિત્વમાં આવેલી પાર્લામેન્ટરી ડેમોક્રસીનો ભોગ બની છે અને આપણે હવે મોં વકાસીને દિલ્હીના સંસદભવનમાં ચાલતા બાલિશ ખેલ જોવા વારો આવ્યો છે. બહુમતીના જોરે સરકાર એનું ધાર્યું કરતી રહે છે અને વિપક્ષો સરકારની ભૂલો બતાવવા સિવાય બીજું કશું કામ જ ન હોય એમ સતત હોબાળો મચાવી અખબારો અને મીડિયાની સુરખીઓ બટોરતા રહે છે. સંસદનું જ નાનું, રાજયકક્ષાનું સ્વરુપ છે વિધાનસભા. વિપક્ષો માટે સરકાર સામે બાંયો ચડાવવાનાં આ પ્લેટફોર્મ કાલાન્તરે પ્રજાનાં નાણાંના બેશુમાર વેડફાટના મંચ બની રહ્યા છે. કોંગ્રેસના શાસનકાળમાં વર્તમાન શાસક મંડળી આ જ ધંધો કરતી રહી છે. એટલે વડાપ્રધાનને નાછૂટકે એમના સાંસદોને સલાહ આપવાની નોબત આવી છે કે પ્રજા વચ્ચે જઈને વિપક્ષો સંસદ નથી ચાલવા દેતા એની જાણકારી આપે. ખરું પછો તો સંસદ પર પણ કોઈ સુપ્રીમ નિયંત્રણ હોવું જોઈએ. રાષ્ટ્રપતિ એવી કહેવાતી સુપ્રીમ સત્તા છે પણ ફક્ત કાગળ ઉપર છે. એમને તો શાસક પક્ષ અને સરકારની મહેરબાની થકી આવડું મોટું પદ મળેલું છે જેની કદાચ એમણે સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય. એટલે મહામહિમને પણ એમનાં અધૂરા ભાષણને વંચાયેલું માની લઈ નીકળી જવું પડતું હોય છે. વિપક્ષો પાસે પ્રજાને વધુ શાણપણભર્યા વર્તનની અપેક્ષા રહેતી હોય છે. તોફાન મચાવીને, સરકારના મંત્રી પાસેના કાગળ ખૂંચવી લઈને કે વારંવાર વેલમાં ધસી આવીને એ ફક્ત ઉગ્રતાભર્યા વિરોધની લાયકાતનું જ નિદર્શન કરે છે. આવો ઉગ્રતા અને આક્રોશભર્યો વિરોધ એ શાસન માટેની લાયકાતની પારાશીસી ન જ હોઈ શકે.

વર્તમાન સત્રમાં રોજેરોજ પેગાસસ જાસૂસી કાંડ અને ખેડૂતોના આંદોલન મુદ્દે વિપક્ષો હોબાળો મચાવતા જોવા મળે છે. સ્પીકર કે સભાપતિ નાછૂટકે સંસદની કાર્યવાહી અમુક કલાકો પૂરતી મોકૂફ રાખી દે છે. વિચક્ષણ શાસક પક્ષને એની બહુમતીના જોરે ધારેલાં બિલ રજૂ કરાવી તાબડતોબ પસાર કરાવી દેવાની આવડત છે. આથી વિપક્ષ તો ભોંઠો પડીને જ રહી જાય છે.એ બિલો વિશેની ચર્ચામાં તો એ ભાગ લેતા જ નથી. અખબારો લખે છે કે પ્રજાના કરોડો રુપિયાનો ધુમાડો રોજેરોજ થતો રહે છે અને કામ તો આગળ વધતું જ નથી. પેગાસસનો રેલો સરકારના પગ તળે આવતો હોઈ એ વિપક્ષોની માગણીને કયારેય સ્વીકારવાની નથી. ઉદ્યોગપતિઓને કમાવાની તક પૂરી પાડવા ખેડૂતવિરોધી કાનૂન પસાર કરેલો છે તે સરકાર કયારેય પાછા ખેંચવાની નથી. શું વિપક્ષી આગેવાનો આટલું નથી સમજતા ? પ્રજા તો એ બધું જ સમજે છે. હવે આ મુદ્દાઓ તો આખરે પ્રજાની અદાલતમાં જ મુકાવા જોઈએ અને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી જ એનો જે ચુકાદો આપે તે બધાને શિરોમાન્ય કરવો પડે છે. સંસદીય લોકશાહીમાં ચૂંટણી જ આવી તમામ સમસ્યાઓની છેલ્લી દવા છે. એ પણ સાચું છે. પ્રજાને તો રામમંદિર જોઈએ છે. કાશ્મીર જોઈએ છે. કદાચ કોમન સિવિલ કોડ પણ જોઈએ છે. સરકાર ભલેને જાસૂસી કરાવતી રહે; ખેડૂતો પાસે વૉટ તો ઘણા છે પણ એ આઝાદીનાં આટલાં વર્ષો પછી ખેડૂતને વડાપ્રધાન નથી બનાવી શક્યા, એ જ શું સૂચક નથી?

# કોરોનાની ત્રીજી લહેર નહીં આવે?

## કોરોના ટેસ્ટ કરવાની જરૂર નથી? ● કોરોનાની રસીના બંને ડોઝ લીધા પછી કોરોના નહીં થાય?



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

આજે વાતાવરણ વાદળછાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હતું. અસહ્ય બાફ હતો. પંખા પણ કામ કરતા નથી. ખાલી એ.સી. ચાલુ હોય ત્યારે જ જરા આનંદ થાય છે. ગાંધીનગરને બાદ કરતા બધી જગ્યાએ ખૂબ સારો વરસાદ પડે છે. સૌરાષ્ટ્રમાં તો આ સિઝનનો સારામાં સારો વરસાદ પડ્યો. હિમાચલપ્રદેશ અને કાશ્મીરમાં તો વાદળ ફાટ્યા પણ ગાંધીનગર સાવ ડ્રાય. આમ કહેવાતું ડ્રાય પણ જ્યાં ભીનાસ થાય છે ત્યાં તો થાય જ છે. દારુબંધી આખા ગુજરાતમં છે. પણ લીકરની પરમીટ દિવસે-દિવસે વધતી જાય છે. સારું કહેવાય સારી એવી કમાણી આપણને લીકરમાંથી થઈ શકે છતાં પણ લીકરની કમાણી સિવાય પણ ગુજરાત સમૃદ્ધ છે. જો કે તેનો ફાયદો રાજસ્થાન છે. જો કે આદિવાસી અને જંગલોમાં ઘણી બધી દેશી દારૂની ભઠ્ઠી કદાચ હશે ? ખબર નથી.

ગાંડાલાલ આવું બધું બોલ્યા કરતા હતા. ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ જરા લાઈન પર આવો. લાઈનથી હટશો તો દુ:ખને પામશો. ગાંડાલાલ બોલ્યા, લો લાઈનમાં આવીએ.

બોલો, કોરોનાનું શું છે ? હવે કોરોના ગયો ? ડાહ્યાલાલ બોલ્યા, હા, ગાંડાલાલ ભગવાન અને માતાજીની કૃપાથી કેટલાક દિવસોથી ગાંધીનગરમાં કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ નથી. ગાંડાલાલ હજુ પણ કેરાલા અને મહારાષ્ટ્રમાં કોરોના પોઝીટીવ કેસ મળી રહ્યા છે. ત્યાંથી આપણી બાજુ આવવામાં જરા પણ વાર નઈ લાગે. એટલે કોરોનાની ત્રીજી લહેર માટે આપણે પણ સજાગ રહીશું. તો કોરોનાની ત્રીજી લહેર નહીં આવે. ગાંલાલાલથી રહેવાયું નહીં. એટલે આપણે હજુ પણ માસ્ક પહેરવાનો, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવાનું, લગ્નમાં આમંત્રણ હોય તો પણ નઈ જવાનું આવું બધું તમે કહેશો. બરાબરને ડાહ્યાલાલ. ડાહ્યાલાલ બોલ્યા વાત સાચી છે, કડવી છે પમ જો કોરોનાની ત્રીજી લહેર ન આવવી હોય તો આપણી સામાજિક જવાબદારી સમજીને કરવું જ પડશે.

એક વર્ષ પહેલા લોકો પોલીસની બીકે માસ્ક પહેરતા હતા કે ૧૦૦૦, ૨૦૦૦ રુપિયાના દંડ થશે. પણ હવે લોકો જાતે જ પોતાની જવાબદારી સમજીને અથવા તો કોરોનાથી ભયભીય થઈને, માસ્ક છોડતા જ નથી. સારી વાત છે. જો તહેવારમાં સંયમ રાખીશું, કયાંક પણ વધારે સંખ્યામાં ભેગા નહીં થઈએ, જરા પણ તાવ આવે તો તરત જ RT-PCR કોરોના અથવા RT-PCR ડેન્ગ્યુ, RT-PCR ચિકનગુનિયા, RT-PCRમેલેરિયા કરાવી. જો સજાગ રહીશું તો કોરોના શું મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, RT-PCR મેલેરિયા કરાવી. જો સજાગ રહીશું તો કોરોના શું મેલેરિયા, ડેન્ગ્યુ ચિકનગુનિયામાં પણ સફળતા મળશે. ગાંડાભાઈ બોલ્યા, હા. ભાઈ તમારી વાત સાચી છે. બે રસીના ડોઝ લીધા પછી પણ કોરોના પોઝીટીવ આવે છે. એટલે ટેસ્ટ કરાવશો તો જ ખબર પડશે અને એટલે ટેસ્ટ કરાવશો તો જ ખબર પડશે અને સરકારે કોરોનાની કિંમત પણ ઘટાડી દીધી છે. ત્રીજી લહેર રોકવાનો આ એક સહેલો રસ્તો છે. કોઈ પણ તાવ હોય તો RT-PCR કોરોના અને RT-PCR મેલેરિયા કરાવવો. હા કોરોના રસીના બંને ડોઝ પછી પણ થાય તો કોરોના થશે જ પણ કોરોનાના દર્દીને મળવાની શક્યતા ખૂબ ઓછી થઈ જશે. રસી પણ લેવી અને તાવ આવે તો કોરોનાના ટેસ્ટ પણ કરાવી લેવો જોઈએ.

# અગમ આસન પર સુરતાનું શિખર : રવિ સાહેબ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

રવિભાણ પરંપરામાં અનેક નામી સંતો થયા છે. ખીમ સાહેબ, દાસી જીવણ કે ત્રિકમ સાહેબ આ ઉજળી પરંપરાના અગ્રજ વાહકો તેમજ સંવર્ધકો છે. તેમણે નિજાનંદે ગાયું છે. આથી તેમની વાણીમાં ગંગાજીના પ્રવાહની ચેતના તથા ગતિશીલતાનો અનુભવ થાય છે. કોઈપણ પ્રકારના બાહ્ય વિધિ કે વિધાનના બંધન સ્વીકાર્યા સિવાય તેઓ મુક્તમને મહોર્યા છે. બહોળા જનસમુહને તેમણે આતમના અજવાળે સુપંથે દોર્યા છે. હરતી ફરતી યુનિવર્સિટી જેવા રવિભાણ સંપ્રદાયના સંતો એ આપણી અમૂલ્ય ધરોહર છે. તેમાંના કેટલાક ધન્યનામ સંત કવિઓનું માત્ર નામ સ્મરણ કરીએ ત્યાંજ અંતરમાં આનંદ તથા ઉલ્લાસની હેલી પ્રગટ થાય છે. ગાંધીજી કહેતા એમ 'કોશીયા' (કૂવામાંથી કોશ વાટે ખેતીના હેતુ માટે પાણી ખેંચનારો શ્રમિક - ખેડૂત) ને પણ સમજાય તેવી એકદમ સરળ ભાષામાં લખાયેલી તેમની રચનાઓમાં વેદોની વાણી ઘૂઘવી રહી છે. રવિ-ભાણ સંપ્રદાયના રવિ સાહેબ (ઈ.સ.૧૭૨૭-૧૮૦૪) એ આવા એક ઉચ્ચ કોટીના સાધક હતા. રવિ સાહેબનો પ્રભાવ તેમના કાળમાં સમસ્ત સમાજ પર હતો. તેમની રચનાઓ આજે પણ એટલીજ લોકપ્રિય તેમજ સંદર્ભયુક્ત છે. તેમની અનેક રચનાઓ લોકજીભે જીવંત છે. નિર્મળતા - સહજતાનો ધોધ સરળ સ્વરૂપે રવિ સાહેબની સંતવાણીમાં પ્રગટ્યો છે.

મેં પનિહારી રામકી, છીલર જળે ન નહાઉ,
પડદા તોડ પિયાળે પેઠું, નિરમળ જળ ભરી લઉ.

રામની પનિહારી (પાણી ભરીને લાવનાર)ને તે વળી છીછરા જળમાં - જગતની અસ્થાયી બાબતોમાં શા માટે રસ પડે ? એને તો જ્ઞાનરૂપી, સમજણ સ્વરૂપી મૂળ ઝરણા સાથેજ અનુસંધાન સાધવું છે. કવિ શ્રી બાલમુકુન્દ દવેના શબ્દો યાદ આવે.

છીછરા જળમાં હોય શું નહાવું
તરવા તો મઝધારે જાવું
ઓર ગાણામાં હોય શું ગાવું
ગીત ગાવું તો પ્રીતનું ગાવું.

ભાણ સાહેબ એ કબીર પરંપરાના મોટા તથા પ્રભાવી સંત થયા. રવિસાહેબ એ ભાણ સાહેબના સમર્થ તથા સુવિખ્યાત સંત છે. ભાણ સાહેબની કૃપાનો તેમના જીવનમાં મોટો મહિમા છે. (ગુરૂકૃપાહી કેવલમ્)

ધરણી નહિ આકાશ નહિ,
નહીં દિવસ કે રાત્રી,
અલખ પુરૂષ પ્રકાશિયા,
નહિ દીવો કે બાતી.

રવિ સાહેબ કહે છે તેમ આ સંતો સ્વયં પ્રકાશિત છે. 'પારકા તેજ ને છાયાહ્ન ઉછીના લઈને તેઓ જીવ્યા નથી. આથીજ તેમની વાણીનો ઉજાસ આજે પણ ઝળાહળા છે. કારણ કે આ વાણી 'કાલજયી' છે. જગતના સંતોના મેળામાં આપણી ભાષાના કોઈ પ્રતિનિધિ સંતને મોકલવા હોય તો એ માટે રવિ સાહેબ સર્વ પ્રકારે સુયોગ્ય છે તેવી સાંઈ મકરન્દની વાત ખૂબજ ઉચિત છે. રવિ સાહેબ લખે છે :

આનંદ ઘડી, હેતે ભજવા હરિ,
મારો સાહેબો સોહાગી મળિયા
આનંદ ઘડી...
પ્રેમનો પિયાલો મારા ગુરૂજીએ પાયો,
નુરતે ને સુરતે મેં તો નીરખ્યા હરિ.
સત શબદ મારા ગુરૂએ સુણાયો,
જોતાં ને જોતાં અમને વસ્તુ જડી.
રુદિયા કમળમાં હુવા અંજવાળા,
તખત તરવેણી પર જ્યોતું ખડી
કહે રવિરામ સંતો ભાણ પ્રતાપે,
અગમ આસન ઉપર સુરતા ચડી,
મારો સાહેબો સોહાગી મળીયા...

ભજન એ આપણાં મધ્યકાળના સાહિત્યનું કદાચ સૌથી વધારે લોકપ્રિય થયેલું કાવ્ય સ્વરૂપ છે. આજે પણ ભજન ગાનારાઓ તેમજ તેમને દાદ દેનારા લોકોનો મોટો વર્ગ છે. નારાયણસ્વામીના કંઠેથી નીતરતી ભજનવાણી સાંભળવા લોકોને પૂરી રાત્રી સુધી બેઠેલા આપણે જોયાં છે. ખૂબજ પ્રભાવી તેમજ સરળ વાણીને કારણે ભજનની પહોંચ ખૂબજ વિસ્તૃત છે. સંસ્કૃત પ્રધાન પૂજા - અર્ચનાની ભાષા કદાચ જન જન સુધી પહોંચવી અને પહોંચે તો સમજાવી મુશ્કેલ હતી. જ્યારે સંતોની આ વાણી માનું દૂધ જે સહજતાથી શિશુના ગળે ઉતરી જાય અને પચે તેવી તેમજ અનોખી છટાવાળી હતી. સાદગી અને સરળતાના આભૂષણો એજ તેની શોભા હતા. રવિ સાહેબ ફરમાવે છે તેમ જેને 'સાહેબહ્ન સાથે મેળાપ થયો છે, જેનું અનુસંધાન પરમતત્વ સાથે બંધાયું છે તેને તો ક્ષણે ક્ષણ આનંદ અને ઉલ્લાસપૂર્ણ બની જાય છે. રવિ સાહેબનું આ દર્શન તે અનુભૂતિનું દર્શન છે. આ દર્શન તો રવિરામને થયું પરંતુ તરતજ ઉમેરે છે કે આ ઉપલબ્ધી પોતાની કોઈ વ્યક્તિગત સિધ્ધિ કે વિશિષ્ટતાને કારણે નથી. આ તો ગુરુ ભાણ સાહેબની પ્રસન્નતા તથા ઉદારતા છે. ગુરુ પ્રતાપેજ રવિ સાહેબ પોતાને તથા 'ભાણફોજ' ના બીજા શિષ્યોને અમૂલ્ય જ્ઞાનનો પ્રકાશ સહેજે-સહેજે પ્રાપ્ત થયો છે તેમ કહે છે. 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' નો મંત્રઆ સંતવાણીના સર્જકોએ સહજ રીતેજ ગાયો છે તથા લોકસમૂહમાં પ્રસર્યો છે. જીવનમાં સ્નેહ તથા આનંદના તાણાવાણા ગૂંથવાનો રવિ સાહેબનો સંદેશ મન, બુધ્ધિ, ચિત્ત તથા અહંકારની પહોંચ બહાર છે. આથીજ રવિ સાહેબ તેમાં સુરતાના પ્રભુત્વની વાત કરે છે. સુરતાની રોપણી કરે તેવી આ બળકટ વાણી છે.

બંગાળમાં પ્રાચીન કાળથી એક મરમી તથા માનવતાપ્રધાન બાઉલ લોકોની ઉજળી પરંપરા ચાલી આવે છે. કવિગુરૂ ટાગોરની રચનાઓ પર પણ તેનો પ્રભાવ હોય તેમ માનવામાં આવે છે. ગુજરાતમાં રવિભાણ સાહેબની ઉજળી પરંપરા પણ આવીજ પ્રભાવી, નિર્મળ તથા જીવન માટે પથદર્શક છે. તેથીજ તે વાણી સર્વકાળે પ્રાસંગિક છે. આપણી સંતવાણીના સર્જનમાં ભાણ સંપ્રદાયના સંતોનો મોટો ફાળો છે.

સંત જ્ઞાનેશ્વરના અર્થસભર શબ્દોને મકરંદભાઈ યાદ કરાવે છે. 'સંત કૃપાદીપકુ સોજવળ અસે' સંતોનો કૃપાદીપ ઝળહળી રહ્યો છે એજ આપણું સદભાગ્ય છે. આ કૃપાદીપનું અજવાળું સૌને સુલભ છે.

# જે મહાકાય છે, મોટું છે, એ નાની નાની વાતોનો સરવાળો છે..!



**સંવેદનનું સ્ટેટસ**

રમેશ ઠક્કર

માણસને હંમેશાં આકાશને આંબવું ગમે છે... સાગર ફાડીને નવી દુનિયા શોધવાની તાલાવેલી હોય છે..આપણને હંમેશાં એવું કહેવામાં આવે છે કે હંમેશાં મોટી ફાળ જ ભરો..મોટાં સપનાં જુઓ..'નિશાન ચૂક માફ નહીં માફ નીચું નિશાન.!' પણ આપણે એ ભુલી જતા હોઈએ છીએ કે જગતમાં નાની ચીજો કે નાની નાની પ્રવૃત્તિઓની પણ એક અજાયબ અસર હોય છે... 'સ્મોલ ઈઝ બ્યૂટીફુલ' એમ ને એમ થોડું કહેવાયું હશે ?

આયુષ્ય નાની નાની ક્ષણોમાં સમાયેલું છે. જો તમે પ્રત્યેક પળને વ્હાલ કરો અને એ રીતે ભરપુર જીવો તો જિંદગીની મજા જ કંઈક નિરાળી બની જાય..આપણે એક જથ્થામાં જીવનનોક્ટ ઈઝહાર ના કરી શકીએ..માનવસંબંધોમાં લાગણીના અને સ્નેહનો નાના નાના ટાંકા અને ભરતકામ જરૂરી છે... માનવસંબંધોનો ચંદરવો એના થકી આકર્ષક લાગતો હોય છે..વિશાળકાય મશીનમાં મિનિટોમાં પ્રિન્ટ થઈ બહાર પડતા ગાલીચા કે ચાદર કરતાં નિરાંતે બનતા હાથવણાટના વસ્ત્રોની મૌલિકતા લાખઘણી હોય છે..આજના જમાનાનો વ્યાપક રોગ ઉતાવળ છે..આપણને બધું જાયન્ટ જ જોઈએ..મકાનો બહુમાળી..શહેરો કદાવર..રસ્તાઓ કોલાહલમય.ફેક્ટરીઓ મહાકદની..નાનું જાણે ગમતું જ નથી..!

તમે જ્યારે મોટી ફાળ ભરો છો ત્યારે યાદ રાખવું જરુરી છે કે જો નાનકડી ચૂક થઈ તો પણ એની સજા મોટી ખીણમાં ગબડી પડવા જેવી હોય છે..આપણે નાનાં નાનાં સાહસોની નેટ પ્રેક્ટિસ કર્યા પછી ઉત્ક્રાંતિના નિયમ મુજબ જો મોટી છલાંગ મારીએ તો નિરાશ નથી થવું પડતું... સાર્થકતા એ મોટા જમ્પમાં નહી પરંતુ સમયાંતરે પર કરેલી નાની નાની અડચણોની કાબેલિયત ઉપર નિર્ભર હોય છે..

કોઈપણ મહાપુરુષ કે સફળ વ્યકિતનું જીવન જો લેજો... એમની સફળતા કે સાર્થકતાનાં મુળ નાનાં કામો કે સામાન્ય ઘટનાઓ દરમિયાન એમણે દાખવેલી કૂનેહમાં જોવા મળે છે..રેંટિયો કાતતાં કે બકરીની સામાન્ય જરૂરિયાતોનું જાતે ધ્યાન રાખતાં કે ટોઈલેટ સાફ કરવા જેવી મામૂલી બાબતને મહત્વની ગણી એમાં એકાગ્ર થતા મહાત્મા ગાંધી આપણને નાની બાબતોના વિશાળ ફાયદાઓ આપોઆપ શીખવી જાય છે... માણસ સાવ સામાન્ય લાગતા કામને કઈ રીતે દીપાવે છે એના ઉપર જ એનું હીર પરખાતું હોય છે..! માણસને મળતી મોટી નામના કે સફળતા તો એક અંતિમ ઘટના જેવાં હોય છે. એની પાછળ નાના નાના મોતી જેવાં અનેક નાનાં કામોની એક વરમાળા હોય છે !

કોઈપણ સર્જક જ્યારે કોઈ મહાન કૃતિનું સર્જન કરવા બેસે છે ત્યારે એની શરૂઆત એક નાનકડા શબ્દ કે વાકયથી થતી હોય છે..દળદાર પુસ્તક સૌ પ્રથમ તો લેખકની હસ્તપ્રત હોય છે..એ માટે એને સખત મહેનત કરવી પડતી હોય છે... આપણા જાણીતા લેખક ચંદ્રકાંત બક્ષી લેખનમાં એટલી ચીવટ રાખતા કે અમુક વર્ષો પછી એમનો અંગૂઠો વળી ગયેલો ! રઘુવીર ચૌધરી પોતાની કૃતિને વારંવાર મઠારી આખરી સ્વરૂપ આપતા હોય છે... એ જયારે આવું કરતા હશે ત્યારે નાનકડા વિદ્યાર્થી જેવા જ લાગતા હશે... એમાંથી જે કૃતિ નીપજે છે એ થકી એક જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સર્જકના શિખર જેવી હોય છે... આપણે સર્જકોનાં પુસ્તકોની યાદી અને એવોર્ડની સંખ્યા જોઈએ છીએ. એની પાછળ એમની નાનાં કામોને નિષ્ઠાપૂર્વક નિભાવવાની એમની રોજિંદી આવડત કે નિષ્ઠાને આપણે નજરઅંદાજ કરતા રહીએ છીએ.

એક જાણીતી વાત છે કે નાની બાબતોનો ખ્યાલ રાખો કેમકે નાની એવી તિરાડને લી ધે ઘણીવાર મહાકાય બંધો પણ તૂટી જાય છે..! આ સો ટકા સાચી વાત છે... માણસ વચ્ચે ગમે તેવો ગાઢ સંબંધ હોય પણ ઘણીવાર એકાદ નાનકડી બાબતે ધ્યાન ના રાખીએ તો એ કડડભૂસ કરતો તૂટી પડે છે...'માનવીના હૈયાને નંદવામાં વાર શી ? અધ બોલ્યા બોલડે થોડા અબોલડે...' આવું ઉમાશંકર જોશી કહે છે ત્યારે એમાં જીવનસમજણનો એક પાઠ રહેલો છે... નાની વાતનું મહિમાગાન છે..

આકાશ ભલે વિશાળ છે પણ એની મોહકતા ટચુકડી વાદળીઓ અને નાનકડા તારાઓના ચળકાટમાં છે..એક નાનકડું મેઘધનુષ એક લીટીમાં ગગનની વ્યાપકતાને જીવંત બનાવી નાખે છે... ક્ષૂલ્લક લાગતું બીજ કે ટચૂકડા દાણા પોતાનામાં હજારો મણ ધાન પેદા કરવાની શકિત સમાવીને બેઠા હોય છે..એક એક નાનું ડગલું હજારો માઈલની સફરના સૂત્રધાર જેવું હોય છે. જગતમાં આજે પણ જે મહાન મુસાફરો કે યાત્રીઓ જાણીતા છે એ એમની પદયાત્રાના કારણે છે... હાઈસ્પીડ વાહનો ટ્રેઈન કે હવાઈજહાજોમાં ઉડીને લાખો કિલોમીટર ફરનારને પ્રવાસનો અર્ક શું છે એ ખબર જ હોતી નથી ! પદયાત્રીની નાની નાની ખેપ દરેક યાત્રાને અંતે એને ઉન્નત બનાવે છે... એક ડગલામાં પણ જગતનું ડહાપણ તમે પ્રાપ્ત કરી શકો એવું એમાં ઐશ્વર્ય સમાયેલું હોય છે..

આજનો માણસ મોટા કૂદકાઓ મારવા જાય છે..મહાકદથી મોહિત થાય છે... એટલો જ એ મોટી ખીણ કે ગર્તામાં પાછો પછડાય છે... ધીરજ એના સ્વભાવમાં નથી..નાનું એટલે તુચ્છ એવું એ માને છે... હકીકતમાં આપણે જેને તુચ્છ માનીએ છીએ એ અનેક આવડતોના ગુચ્છ જેવું હોય છે..ઘટાટોપ જંગલો નાનકડા તૃણને આભારી હોય છે..આકાશને આંબતા વૃક્ષો જેવું જ સૌંદર્ય ઘાસના સામાન્ય લાગતા મેદાનોનું પણ હોય છે..આપણી પોતાની નાનકડી કીકી ને જ જુઓ..?અખિલ બ્રહ્માંડની આખી લીલા એ પોતાનામાં સમાવી લે છે..કૃષ્ણ ભગવાને બ્રહ્માંડ દર્શન કરાવવા વિશાળકાય પહાડો કે દરિયા ન્હોતા બતાવ્યા... એક નાનકડા મુખની સાંકડી લાગતી બખોલમાં એમણે આખા જગતનું જીવંત પ્રસારણ કરી બતાવ્યું હતું..! સ્મોલ ઈઝ બ્યૂટીફૂલનું આ એક શ્રેષ્ઠ ઉદાહરણ ગણી શકાય...

મહાનગરોની મહાકદ ભીડમાં ગૂંગળાતા આપણે સહુ ગામને યાદ કરતા રહીએ છીએ...નાનકડું ગામ અને એની નાનકડી સીમનો વૈભવ જ અસીમ હતો...નાનકડી પગદંડીનો પ્રેમ એક્સપ્રેસ હાઈવેના હાહાકારમાં નથી મળતો...બાપદાદાના નાના ઘરની પરસાળ નગરના ફલેટની અટૂલી અટારી કરતાં વધારે જીવંત હતી..માણસ જયારે મોટી વાતોને કોરાણે મૂકી નાના પ્રસંગોને આત્મસાત કરે છે ત્યારે નાની નાની અનેક વિરાસતોનો વૈભવ એમાંથી આપોઆપ છલકાઈ ઉઠે છે..અને આવો છલકાતો વૈભવ એ જ આપણા સહુની તલાશ હોય છે..જે માણસ નાની બાબતોને નજરઅંદાજ કરે છે એ મોટા વૈભવથી વંચિત રહી જતો હોય છે.